મતરંગો

ઉનાળુ અંક, જૂન ૨૦૨૬
વર્ષ ૧, અંક ૧



સહયોગ રાશિ: 75/-

માની બોલીની અદ્ભુત રંગ રકાબી લાવ્યા રે...

જેમ ચાલતાં-પકડતાં શીખતું બાળક કેટલુંય ફેંકીને, ચાખીને, ભાંગીને અજમાવે-ચકાસે તેમ વાંચવા-લખવાનું શીખતાં બાળકને પણ ગાવા, સાંભળવા અને ફરી ફરી માણવાલાયક પુષ્કળ સામગ્રીની જરૂર હોય છે. આ 'મજા' બાળકના પ્રારંભિક જ્ઞાનાત્મક, ભાવાત્મક, અને ભાષાકીય (cognitive, affective, and linguistic) વિકાસ માટે ખૂબખૂબખૂબ જરૂરી છે.

અમારા છેલ્લા ૧૦+ વર્ષોના બાળકો, શિક્ષકો અને વાલીઓ સાથેના કામ દરમ્યાન અમને 'ક્રિએટિવ, ક્રિટિકલ, અને કન્ટેમ્પરરી' બાળ સાહિત્યનો અભાવ અને આવા સાહિત્ય માટેની બાળકોની ભૂખ—બંને સતત અનુભવાયાં છે. બીજું, કે છેલ્લા ૩૦ વર્ષ જેટલા ટચૂકડા ગાળામાં જીવન, શિક્ષણ અને ભાષાના પરિમાણો ખૂબ ઝડપથી બદલાયાં છે, ખાસ કરીને શહેરોમાં. પ્રકૃતિ સાથેનું જોડાણ એટલું સહજ-પ્રાપ્ય નથી.

તો બાળકોને પોતાના પર્યાવરણ સાથે સંબંધ સાધવાની, પોતાની ભાષામાં મજા કરવાની તક કેવી રીતે ઊભી થાય? વિશ્વ અને હિન્દી બાળસાહિત્ય જેવું અજબ-ગજબ કંઈક આપણી ભાષામાંય થાય? અંતે, બાળકો સાથે-બાળકો માટે કેવી રીતે કંઈક બનાવાય?



આ બધી મથામણમાંથી માખણનો જે પ્રયોગ-પિંડો નીકળ્યો તે 'પતરંગો.'

આ પટારામાંથી નીકળશે વાર્તાઓ, અભિનયગીતો, કવિતાઓ, વર્ડલેસ ચિત્રવાર્તાઓ, કંઈક કંઈક માહિતી અને પ્રવૃત્તિઓ. ધ્યાન રખાયું છે કે ૫-૧૦ વર્ષના બાળકોને આવરી લેવાય, પણ ખરેખર તો સાહિત્યની કોઈ ઉપલી ઉંમર નથી હોતી. જેને જે ગમે તે તેનું!

કેવું સાહિત્ય?

બાળકોની આસપાસનું જીવંત વિશ્વ, રોજબરોજના અનુભવો, વિજ્ઞાન અને મજાની શોધખોળને આવરી લેતું સાહિત્ય.

એનાથી શું થશે?

મોજ પડશે! ભાષા-વિકાસ, જિજ્ઞાસા અને કલ્પનાશીલતાને પ્રોત્સાહન મળશે. પ્રકૃતિ તથા ભાષા સાથે કાયમી દોસ્તીની ઉજાણી થશે.

કોના માટે?

આમ તો બધાને મજા પડશે, પણ જો તમે પાંચથી દસ વર્ષના છો તો વધારે મજા પડશે!
જો તમે શિક્ષક છો તો, તમારા ભાષાના વર્ગમાં કે પછી પર્યાવરણના વર્ગમાં આ સામાયિકનાં ગીતો, વાર્તાઓ અને પ્રવૃત્તિઓ ચોક્કસ વાપરી શકશો.
જો તમે વાલી છો તો તમારા બાળકો સાથે અર્થપૂર્ણ સમય વિતાવવા માટેનું મસ્ત અને સ્ક્રીન-ફ્રી સાધન બની રહેશે.

પતરંગો એક ઈકોસીસ્ટમ છે જ્યાં બાળકો માટે કવિતા-વાર્તા પોસ્ટર અને પુસ્તકો પ્રકાશિત થશે. આ ઉપરાંત નેચર અને હેરિટેજ-વૉક, નાટક અને કાર્યશાળાઓ પણ આયોજાશે. સભ્યપદ અને લવાજમની વિગત આવતા અંકમાં.

લ્યો ત્યારે રંગ રકાબીમાં ધુબાકો મારો...

– સંપાદક ટોળકી





પતરંગો

ઉનાળુ અંક, જૂન ૨૦૨૬
વર્ષ ૧, અંક ૧



સંપાદન
બંસી, મિહિર

ભાષાશુદ્ધિ
ખ્યાતિ ખારોડ

ડિઝાઈન
ખીઝર મોહમ્મદ, બંસી

આવરણ
શુભશ્રી માથુર

સહયોગ રાશિ: 75/-

પ્રેસ: ભંડારી પ્રેસ, ભોપાલ

પ્રકાશક
ખોજબીન મંડળી,
6 - રૂપમાધુરી સોસાયટી,
કેનયુગ સર્કલ પાસે,
અમદાવાદ - 380015
+91 95370 68736
hello@khojbeenmandali.in





શું જડ્યું?

કવિતા: મિહિર
ચિત્ર: અદિતિ લેલે, પ્રાંજલિ આંબેકર





અમે શોધખોળ કરતાં'તાં
આમ તેમ ફરતાં'તાં
નીચે જોયું,
તો શું જડ્યું?

ગોળ ગોળ બંગડી
રૂપિયાનો સિક્કો
દીદીનું બક્કલ,
બસ...

અમે શોધખોળ કરતાં'તાં
આમ તેમ ફરતાં'તાં
નીચે જોયું,
તો શું જડ્યું?

રંગબેરંગી પીંછાં











ઝીણાં તણખલાં
લીસ્સા લીસ્સા પથ્થર,
બસ...






અમે શોધખોળ કરતાં'તાં
આમ તેમ ફરતાં'તાં
નીચે જોયું,
તો શું જડ્યું?

જાંબલી જાંબુડાં
કેસૂડાનાં ફૂલ
લીમડાનાં પાંદડાં,
બસ...







વિનુની હથોડી

વાર્તા: મિહિર   ચિત્ર: શુભશ્રી માથુર



વિનુના પપ્પા મિકેનિક છે.

એમના ઘરમાં ઠેર ઠેર રીપેરીંગનો સામાન પડ્યો હોય. એમાંથી વિનુની ફેવરિટ વસ્તુ એટલે હથોડી!

વિનુને પપ્પાની હથોડીથી રમવું બહુ ગમતું. આખો દિવસ હથોડી લઈને વિનુ આખા ઘરમાં ફરે.

તિજોરી વાગે – ઢમ ઢમા ઢમ, ઢમ ઢમ ઢમ

બોટલ વાગે – ટીનક ટીન, ટીન ટીન ટા


ડબ્બા વાગે – ઠાક ઠાક ઠીક, ઠીક ઠીક ઠાક

વિનુએ ઘરની કોઈ વસ્તુ વગાડી જોવાની બાકી રાખી નહોતી! ના કોઈ ઊંઘી શકે કે ના કોઈ વાત કરી શકે. આખો દિવસ...

ધૂમ ધૂમ ઠાક ઠાક

ટીન ટીન ટાક ટાક





બધાં માથું પકડીને બેઠાં અને બોલ્યાં કંઈક તો કરવું પડશે!

“લે વિનુ, ચોકલેટ ખા અને હથોડી મૂકી દે.”
વિનુએ ચોકલેટ તો ખાધી અને હથોડી પાછી લઈ લીધી.

“વિનુ ચાલ ફરવા જઈએ, હથોડી મૂકી દે.”
વિનુ ફરવા તો ચાલી પણ બેગમાં હથોડી લઈ લીધી.

બધાં ફરી માથું પકડીને બેઠાં કે હવે કરીએ
તો કરીએ શું?

દાદાજીને એક આઈડિયા આવ્યો....

રબરની હથોડી બનાવીએ તો કેવું રહે? અવાજ પણ નહીં આવે અને કંઈ તૂટશે પણ નહીં.

દાદાજીએ વિનુને રબરની હથોડી બનાવી આપી. રોજની જેમ વિનુ હથોડીથી રમવા લાગી.



તેણે કબાટ પર હથોડી ઠોકી, જરાક જ અવાજ આવ્યો. તેણે ડબ્બા પર હથોડી ઠોકી, અહીં પણ અવાજ ના નીકળ્યો.

આ બધી વસ્તુનો અવાજ ક્યાં જતો રહ્યો?

વિનુ વિચારમાં પડી ગઈ. થોડીક મથામણ પછી...

વિનુએ હથોડી ઊંધી કરી દીધી. હવે તે રબરવાળા ભાગને પકડી લાકડાવાળા ભાગથી ઠોકવા લાગી.

થોડુંક જુદું, પણ ઘર ફરીથી ગાજવા માંડ્યું!





ચિત્ર: અદિતિ પુટ્ટીગે



વાર્તા: ગિજુભાઈ બધેકા
ચિત્ર: આબિદ સુરતી



એક હતાં ડોશીમા. તે પોતાની દીકરીને ત્યાં જવા નીકળ્યાં. રસ્તામાં તેને એક વાઘ મળ્યો. વાઘ કહે – ડોશી, ડોશી! તને હું ખાઉં. ડોશી કહે –

દીકરીને ઘેર જાવા દે,
તાજીમાજી થાવા દે;
પછી મને ખાજે.

વાઘ કહે – ઠીક.

પછી ડોશી આગળ ચાલી ત્યાં રસ્તામાં સિંહ મળ્યો. સિંહ કહે – ડોશી, ડોશી! તને ખાઉં. ડોશી કહે –

દીકરીને ઘેર જાવા દે,
તાજીમાજી થાવા દે;
પછી મને ખાજે.

વળી આગળ ચાલતાં ડોશીને સાપ, વરુ વગેરે જનાવરો મળ્યાં. ડોશીએ ઉપર પ્રમાણે જવાબ આપ્યો.

ડોશી તો તેની દીકરીને ત્યાં ગઈ. દીકરી રોજ રોજ ડોશીને સારું સારું ખવરાવે, પિવરાવે પણ ડોશી સારી થાય નહિ. પછી એક દિવસે ડોશીને તેની દીકરીએ પૂછ્યું – માડી! ખાતાંપીતાં તમે પાતળાં કેમ પડતાં જાઓ છો?

ડોશી કહે – દીકરી! હું તો પાછી ઘેર જઈશ ને, ત્યારે મને રસ્તામાં જનાવરો ખાઈ જશે. મેં કહ્યું છે કે હું મારી દીકરીને ત્યાં જઈ આવું, પછી મને ખાજો.

દીકરી કહે – અરે માડી! એમાં બીવો છો શું? આપણે ત્યાં એક ભંભોટિયો છે. તેમાં તમે બેસજો અને પછી ભંભોટિયાને દોડાવતાં દોડાવતાં લઈ જજો.

ડોશી માટે દીકરીએ એક ભંભોટિયો આણ્યો. ડોશીમા તેમાં બેઠાં અને ભંભોટિયો દડતો દડતો ચાલ્યો.

રસ્તામાં વાઘ મળ્યો. ભંભોટિયાને જોઈને વાઘ કહે – ભંભોટિયા, ભંભોટિયા! ક્યાંય ડોશી દીઠાં? ભંભોટિયો કહે –

કિસકી ડોશી, કિસકા કામ,
ચાલ ભંભોટિયા અપને ગામ.

વાઘ આ સાંભળી વિચારમાં પડ્યો – આ શું? આ ભંભોટિયામાં શું હશે? વાઘ તો ભંભોટિયાની પાછળ પાછળ ચાલ્યો.


પછી સિંહ, સાપ વગેરે જનાવર મળ્યાં અને સૌએ ભંભોટિયાને પૂછ્યું, પણ ભંભોટિયામાંથી એક જ જવાબ મળ્યો –


કિસકી ડોશી, કિસકા કામ,
ચાલ ભંભોટિયા અપને ગામ.

આથી સૌ ભંભોટિયા પાછળ ચાલ્યાં.

છેવટે ભંભોટિયો ડોશીમાના ઘર પાસે આવ્યો. ડોશીમા તેમાંથી હળવેક દઈને બહાર નીકળ્યાં. ઘરમાં જવા જાય, ત્યાં સુધી બધાં જનાવરો તેને ઓળખી ગયાં. સૌ કહે – ડોશી! તને અમે ખાઈએ!

એટલામાં ડોશીમા એકદમ દોડીને ઘરમાં પેસી ગયા અને બારણાં બંધ કરી દીધાં. પછી જનાવરો બધાં નિરાશ થઈને પાછાં ચાલ્યાં ગયાં.





તેતર, ખિસકોલી અને કાચબાનાં
વાક્યો આડાં-અવળાં થઈ ગયાં છે


કોણે શું કહ્યું હશે?

પ્લુટોમાંથી સાભાર
ચિત્ર: જિગીષા પસરીચા

રેતી પહાડનાં ઈંડાં છે કે?
મને ઝાડવાં પર થપ્પો રમવાનું બહુ ગમે.

પહાડની તો ખાલી પીઠ કઠણ હોય.

કેમની છુપાવે ઝાડી, જો પંખી હોય અનાડી!



છુપાવીને ભૂલી જવા કરતાંય
વધુ ગજબ છે એ ભૂલી જવું
કે સંતાડેલું શું!

સુકાઈને ખરેલાં
પાંદડાં મારા
દોસ્તાર છે.

મને પહોંચવામાં મોટેભાગે
મોડું જ થઈ જાય.

ગરુડને શું ખબર કે અમે
પણ ઉડીએ છીએ.

ટીટોડીને જ ખબર હશે કે અમે
અમારા ઈંડા કેટલી મુશ્કેલીથી
બચાવીએ છીએ.

પપ્પા સંગીતમાં દાદા છે!

કવિતા: ઉદયન ઠક્કર
'હાક છીં હિપ્પો'માંથી સાભાર
ચિત્ર: શુભશ્રી માથુર



પપ્પા સંગીતમાં દાદા છે!
તાનસેનથી પણ જ્યાદા છે
પપ્પા, સંગીતમાં દાદા છે!
ધુમ્મક ધૂમ, ધુમ્મક ધૂમ

લલકારે છે લઈને વાજું,
ગીત સુરીલું, તાજુંમાજું!
સૂર સાંભળો લીસા-લીસા,
સા-રે-ગ-મ-પ-ધ-નિ-સા!
ધુમ્મક ધૂમ, ધુમ્મક ધૂમ

મારા પપ્પા રોજ પરોઢે,
ગાતા પંખીઓની જોડે;
સુબહ-સુબહ હું આંખો ખોલું,
'સુબહાનલ્લા' – જોરથી બોલું!
ધુમ્મક ધૂમ, ધુમ્મક ધૂમ




મને કહે કે આવો બબલા
લાવો પેટી, પાવો, તબલાં
હું તો ફક્ત ચડાવી બાંયો
ઝીંક્યે રાખું બાંયો-દાંયો
ધુમ્મક ધૂમ–ધુમ્મક ધૂમ

નાદિર દીન્તા નીતા નારે
તિરકિટ ધુમ, તન્ની તાથા રે...
ઐયૈયો, આ તબલાંઓ તો
કેવું મદ્રાસી ગાતાં રે!
ધુમ્મક ધૂમ, ધુમ્મક ધૂમ





અવાજના ઊજળા આરસથી
પપ્પા તાજમહાલ બનાવે,
હું તો ઔરંગઝેબ, મને તો
માત્ર આટલું સમજમાં આવે:
ધુમ્મક ધૂમ, ધુમ્મક ધૂમ!



શેતૂર
ચિત્ર: સેફિ જ્યોર્જ





મારો પડછાયો

કવિતા: રમેશ પારેખ
‘હાઉક’માંથી સાભાર
ફોટોગ્રાફ: લોકેશ માલતી પ્રકાશ

આ મારો પડછાયો છે
જો ને મમ્મી, મારા જેવો એ પણ કેવો ડાહ્યો છે..!

મારી સાથે ચાલે છે,
મારી સાથે રમે છે,
મારી સાથે કૂદે છે,
મારી સાથે જમે છે,

હુંય એને ગમું છું,
એય મને ગમે છે!
તું નવડાવે ત્યારે મારી સાથે એ પણ નાહ્યો છે.

હું જ્યારે ઊંઘું છું
ત્યારે એ ક્યાં જાય છે?
અંધારામાં શોધું છું,
ત્યારે ક્યાં ખોવાય છે?

એની મમ્મી કોણ છે?
કોણ એનો ભાઈ છે?
કેમ કદી એ નથી બોલતો? શા માટે રીસાયો છે?





પતરંગો



ચિત્ર : રોહન ચક્રવર્તી

મળો પતરંગાને!

નાનું, નાજુક પક્ષી. ચકલી જેવડું, પણ પૂંછડી લાંબી. ખુલ્લી ડાળીએ બેસે.

પૂંછડીના છેડે બે વેઢા જેટલા લાંબા કાળા તાર જેવા પીંછાં હોય. એનાથી તરત ઓળખાઈ આવે.

નાનકડા જીવ-જંતુઓનો ઊડતાં ઊડતાં જ શિકાર કરે! જાણે હવામાં ગુલાંટ મારતી પતંગ! જીવડાં પકડીને ડાળી પર આવે, તેને પછાડે, અને પછી આખું ગળી જાય. ખાવામાં નાહક ઝંઝટ નહીં. તે વાણીયા, પતંગિયા, માખી, મધમાખી, મચ્છર – નાનું અને પાંખવાળું કંઈ પણ ખાઈ લે.




તેના માળામાં એક્કેય સળી ના હોય! નદીની ભેખડમાં, કૂવાની પોચી દિવાલમાં, કે રેતાળ જમીનના કાંઠામાં લાં...બું દર બનાવે.

માદા તેમાં ઈંડાં આપે. પછી મા-બાપ સાથે મળીને ઈંડાં અને બચ્ચાંની સંભાળ રાખે.



ફોટો: રોહિત કોકિલ



આપણે ત્યાં તેને 'નાનો નીલકંઠ' કે 'ટીલવા' પણ કહેવાય. અંગ્રેજીમાં તેને Asian green bee-eater કહે છે.

સવારે કે સાંજે ખુલ્લી ડાળીઓ કે તાર જોવાના. પાંચથી માંડીને પચાસ જેટલા પતરંગા અડીઅડીને હારબંધ બેઠા હોય. ક્યારેક પતરંગા ધૂળમાં નહાતા પણ જોવા મળે.

નીચેથી જુઓ તો તેની રંગબેરંગી છટા કદાચ નહિ દેખાય, પણ પૂંછડી પરથી ઓળખાઈ જશે.

જોતા હો ત્યાં ઉડી જાય, તો થોડી વાર રાહ જોજો. મોટેભાગે આ પોપટી પંખી પોતાની પ્રિય ડાળી પર પાછું આવી બેસશે!

જોવા મળે તો તેના વિશે અમને લખીને કે ચિત્ર દોરીને મોકલી આપજો. અમે તમારા લખાણની અને ચિત્રોની રાહ જોઈશું!



ફોટો: રોશન ભાટિયા, ઈન્ટરનેટ પરથી



હાટ અમારું



કવિતા: મિતાલી બક્ષી
ચિત્ર: આદર્શ

કેળાની લૂમો,
કાકાની બૂમો
જલેબી ને ભજિયાં,
કાકીના કજિયા

બા પાસેથી દસ ને
દાદા આપે વીસ,
ત્રીસ રૂપિયા ખિસ્સામાં
મૂકી, પહેરી નીકળું જીન્સ

બે રૂપિયાની પેન અને
દસ રૂપિયાની ચેઇન
ખરીદું પણ સંતાડી દઉં
દિલવાળું કી ચેઇન


ટોળકી રમે પત્તાં,
થોડા બથ્થમ-બથ્થાં
વાંસનું બાટ,
બુંદીના થાટ,
ચટપટી ચાટ,

રે મજ્જાની હાટ!





પુસ્તક પરિચય





પુનર્લેખન: પ્રભાત
ચિત્રાંકન: મયૂખ ઘોષ
પ્રકાશક: એકલવ્ય ફાઉન્ડેશન અને ARCH
કિંમત: ₹ 90.00

આ વાર્તા વાંચવા માટે અથવા આ પુસ્તક ખરીદવા માટે પાછળ આપેલો QR કોડ સ્કૅન કરશો.

માડ઼ની લોકકથા

શિયાળ અને મોર



એક જંગલમાં રહેતો હતો એક શિયાળ અને એક મોર.

બંને નવા નવા દોસ્ત બન્યાં.

તેમને ભૂખ લાગી તો મળીને દાળ-બાટી બનાવી. પણ...
બધી દાળ-બાટી શિયાળ એકલો જ ચાઉં કરી ગયો.
શિયાળ છે ભૂખ્યો અને મોર છે ધૂંઆપૂંઆ!

વાર્તામાં શિયાળને આગળ મળે છે
એક ડોશી, એક વાછરડું, કેટલાંય પ્રાણીઓ
અને આખેઆખી નદી.

શિયાળની ભૂખ ક્યારે મટશે?

વાંચો રાજસ્થાનના માડ઼ વિસ્તારની લોકપ્રિય લોકકથા!




બરફનો ગોળો!

ચિત્ર: અદિતિ લેલે,
પ્રાંજલિ આંબેકર

બરફનો ગોળો,
બ બ બરફનો ગોળો
ખાધો મેં તો થોડો,
ખાધો મેં તો ઝાઝો
ખાટ્ટો-ખાટ્ટો ગળ્યો-ગળ્યો,
ઠંડો ઠંડો ગોળો!

બોલો,
બરફનો ગોળો ગોળો
ગોળ ગોળ ગોળો ગોળો
લાલ લીલો ગોળો ગોળો
પડ્યો ધપ્પ!
બોલો બરફનો ગોળો...





આમલી વામલી

કવિતા: પ્રભાત
ચિત્ર: નિલેશ ગેહલોત
પ્લુટોમાંથી સાભાર

આમલીના ઝાડ પર રહેતી’તી વામલી
વામલી બેઠી બેઠી ખાતી’તી આમલી
વામલી કહે કોયલને, ખાઈ લે ને આમલી
કોયલ કહે, મારી ભેગી મીઠું ગા, ને
મૂક ખાટી આમલી!

પ્રવૃત્તિ



તમે શોધખોળ કરતાં'તાં, આમ-તેમ ફરતાં'તાં,
આજુબાજુ જોયું, તો શું જડ્યું?

અહીં તેમાંથી કંઈક બનાવો, અને શક્ય હોય તો ફોટો પાડીને +91 95370 68736 પર મોકલી આપો!







પોલી પોલી પિપ્પૂડી
રોલી પોલી રિપ્પુડી,
રિપ્પુડીની પિપ્પૂડી
પિપ્પૂડીની રિપ્પુડી!

ચિત્ર: શુભમ લખેરા

તપે તડકો, લૂ વાય,
લીમડા પાન ખરતાં જાય.
તપે તડકો, લૂ વાય,
આંબો આખો ઝોકાં ખાય...



બાળકો સાથે કરી શકો તેવી
મૅગેઝિનને લગતી અને બીજી
પ્રવૃત્તિઓ માટે સ્કૅન કરો